# પ્રેસ-નોટ તા.૨૧/૦૬/૨૦૨૩

બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ (IMFL) તથા બીયરની હેરફર કરતા એક ઇસમને કુલ કિ.રૂ.૨,૪૮,૨૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ અમરેલી જિલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી.ટીમ ગઇ કાલ તા.૨૦/૦૬/૨૦૨૩ નાં રોજ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, બાબરામાં રહેતો દિપક દેવજીભાઇ મારૂ એક સફેદ કલરની ગાડીમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો ભરીને બાબરા જી.ઇ.બી. ઓફીસની પાછળ બાલમુકંદ સોસાયટીમાં પાર્ક કરી ઉભેલ છે. જે હકિકત આધારે રેઇડ દરમિયાન મજકુર ઇસમને ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો, બીયર, મોબાઇલ ફોન તથા બોલેરો વાહન સાથે પકડી પાડી, પકડાયેલ ઇસમ તથા મુદ્દામાલ બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➩ પકડાયેલ આરોપીઓઃ-

દિપક દેવજીભાઇ મારૂ, ઉ.વ.૨૩, રહે.બાબરા, કરીયાણા રોડ, તા.બાબરા, જિ.અમરેલી.

➩ પકડવાના બાકી આરોપીઓઃ-

રાજદિપ મહેન્દ્રભાઇ ખાચર, રહે.લીંબાળી, તા.ગઢડા, જિ.બોટાદ.

➩ પકડાયેલ મુદ્દામાલઃ-

ભારતીય બનાવટની વિદેશી દારૂની રોયલ કલાસીક વ્હીસ્કીની ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ–૫૭૬ કિ.રૂ.૪૦,૩૨૦/- તથા ગોડફાધર કંપનીના ધ લેઝેન્ડ્રી ઓરિજિનલ સ્ટ્રોંગ બીયરના ટીન નંગ – ૨૪ કિં.રૂ.૨,૮૮૦/- તથા મહીન્દ્રા બોલેરો રજી.નં.જી.જે.૦૩.ઇ.આર.૮૨૦૫, કિં.રૂ.૨,૦૦,૦૦૦/- તથા એક ઓપો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૫,૦૦૦/- મળી કુલ કિં.રૂ. ૨,૪૮,૨૦૦/- નો મુદ્દામાલ.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. તથા હેડ કોન્સ., તથા પો કોન્સ. દ્વારા કરવામાં આવેલ છે.

પ્રેસ-નોટ તા.૨૧/૦૬/૨૦૨૩

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીનાઓએ પાસા હેઠળ કાર્યવાહી કરતા, મિલકત સબંધી ગુનાઓ આચરતા ઇસમને પાસા હેઠળ જેલ ધકેલતી અમરેલી એલ.સી.બી.

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ નાઓએ રેન્જના જિલ્લાઓમાં જાણીતા ગુનેગારો અને અસામાજીક તત્વો અને ગેરકાયદેસર પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સુચના આપેલ હોય, અને અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓઓ દ્વારા અમરેલી જિલ્લામાં ચોરી, ઘરફોડ ચોરી, લુંટ સહિતના મિલકત-સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઇસમો, કે જે નાગરિકોની માલ- મિલ્કતની ચોરી કરતા હોય, આવા મિલકત સબંધી ગુનાઓ આચરતા ભયજનક ઇસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદઢ બને, તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ નાઓએ અમરેલી જિલ્લામાં ચોરી, ઘરફોડ ચોરીઓના ગુનાઓ કરતા ઇસમ બટુક વેલજીભાઇ સોલંકી, ઉ.વ.૩૫, રહે.હાલ ચોટીલા, મંદિર પાસે, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગ મુળ રહે. ધુડીયા આગરીયા, તા.રાજુલા, જિ.અમરેલી વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષકશ્રી અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમરેલીનાઓ તરફ મોકલી આપેલ.

લોકોની માલ – મિલકત જેના કારણે જોખમમાં મુકામ શકે તેવા ઇસમની સમાજ-વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સાહેબનાઓએ ઉપરોકત ઇસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઇસ્યું કરતાં, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબનાઓની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ દ્વારા બટુક વેલજીભાઇ સોલંકીને પાસા વોરંટની બજવણી કરી, અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

➯ પાસા અટકાયતી બટુક વેલજીભાઇ સોલંકીનો ગુનાહિત ઇતિહાસઃ-

(૧) દામનગર પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૧૭૨૩૦૦૪૮/૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦, ૫૧૧, ૧૧૪ મુજબ.

(૨) દામનગર પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૧૭૨૩૦૦૫૧/૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.

(૩) લાઠી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૩૪૨૩૦૦૪૦/૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ.

(૪) લાઠી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૩૪૨૩૦૦૪૧/૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ.

(૫) ચોટીલા પો.સ્ટે. (સુરેન્દ્રગનર) એ પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૧૦૦૯૨૨૦૪૩૪/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ.

આમ, મિલકત સબંધી ગુનાઓ આચરતા અને આમ જનતાની માલ-મિલકત માટે જોખમરૂપ ઇસમ સામે પાસા હેઠળ કાર્યવાહી કરી, જેલ હવાલે કરી, અસામાજિક પ્રવૃતિ કરતા ઇસમો સામે ચેતવણીરૂપ કામગીરી કરેલ છે.



પ્રેસ-નોટ તા.૨૨/૦૬/૨૦૨૩

જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારનાં કેરાળા ગામેથી બોગસ ડોક્ટરને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.

શ્રી સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગર ભાવનગરનાંઓ દ્વારા ગેરકાયદેસર સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર કલીનિક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઇ સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી.મેડીકલ પ્રેકટીશનર ને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી અંગે ચેકીંગ હાથ ધરી ગેરકાયદેસર મળી આવ્યેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચનાં આપેલ હોય, જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, અમરેલીનાઓનાં માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લામાં આવા બોગસ ડોક્ટરોની ડિગ્રી વગર કલીનિક ચલાવી મેડિકલ પ્રેકિટસ કરી આવા કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય, તેવુ પોતે જાણતા હોવા છતા દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરનાર વિરૂધ્ધ કાયદસરની કાર્યવાહી કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અનુસંધાને એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ અમરેલી જિલ્લામાં આવા બોગસ ડોક્ટરની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોસ્ટલ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, જાફરાબાદ તાલુકાનાં કેરાળા ગામે, ગરબી ચોકથી આગળ સુમરા મહમદભાઇ સુલેમાનભાઇ રહે.રોહીસા તા.જાફરાબાદવાળા ગેરકાયદેસર દવાખાનુ/કલીનિક ચલાવતા હોય, જે અન્વયે સદરહું જગ્યાએ તાલુકા હેલ્થ ઓફીસરશ્રી, તથા ફાર્માસીસ્ટ સાથે રેઇડ કરતા મજકુર ઈસમને એલોપેથીક દવાઓ, દવાની બોટલો, ઇન્જેકશન તથા સિરપની બોટલો-ટયુબ વિગેરે મેડિકલને લગતી સાધન સામગ્રીના જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

પકડાયેલ આરોપી ઃ-

સુમરા મહમદભાઇ સુલેમાનભાઇ ઉવ.૪૫, ધંધો.ડોકટર રહે.હાલ રોહીસા, તા.જાફરાબાદ જિ.અમરેલી, મુળ રહે.ઉના, કોર્ટ વિસ્તાર તાઇવાડો તા.ઉના, જિ.ગીર સોમનાથ.

કબ્જે કરેલ મુદ્દામાલ ઃ-

મજકુર પકડાયેલ ઈસમ સુમરા મહમદભાઇ સુલેમાનભાઇ ઉવ.૪૫, ધંધો.ડોકટર રહે.હાલ રોહીસા, તા.જાફરાબાદ જિ.અમરેલી, મુળ રહે.ઉના, કોર્ટ વિસ્તાર તાઇવાડો તા.ઉના, જિ.ગીર સોમનાથવાળા પાસેથી એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ કુલ નંગ-૪૭, કિ.રૂા.૨૨,૮૨૩.૮૮/- ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે. અને મજકુર પકડાયેલ ઈસમ વિરૂધ્ધ ગુનો રજી. કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આમ, આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ ના હેડ કોન્સ. દ્વારા કરવામાં આવેલ છે.

પ્રેસ-નોટ તા.૨૬/૦૬/૨૦૨૩

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા, ૨૬-મી જુન ઈન્ટરનેશનલ ડ્રગ્સ-ડે, ઉજવણી કરવામાં આવી.

આજરોજ તા.૨૬-મી-જુન, સમગ્ર વિશ્વભરમાં ઈન્ટરનેશનલ ડ્રગ્સ-ડે, ની ઉજવણી કરવામાં આવે છે. નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોનાં સેવનથી થતા આર્થિક-શારિરીક નૂકશાન અંગે આમ, જનતામાં અવરનેશ આવે તે હેતુથી ગુજરાત રાજ્યનાં અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ ગુજરાત રાજ્ય ગાંધીનગર તથા શ્રી સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર દ્વારા સમગ્ર રાજ્ય તથા રેન્જમાં પ્રજા/સમાજમાં જાગૃતિ લાવવા માટે નાર્કોટીકસ પદાર્થનાં દૂરઉપયોગ અને ગેરકાયદેસર હેરાફેરી વિષય પર શાળા/કોલેજોમાં વર્કશોપ, પેઇન્ટીંગ કોમ્પીટીશન, એકઝીબીશન,અવેરનેસ પ્રોગ્રામ વિગેરે જેવા કાર્યક્રમો યોજવા જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અનુસંધાને અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓનાં માર્ગદર્શન હેઠળ ૨૬-મી જુન ઈન્ટરનેશનલ ડ્રગ્સ-ડે ની ઉજવણી સંદર્ભે જિલ્લાનાં તમામ થાણા અધિ.શ્રીને ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોનાં ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, અને વેચાણ કરતા અટકાવવા સારૂ અને આ માદક પદાર્થોનું સેવન કરવાથી થતા નૂકશાન અંગે જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપી ગુજરાત રાજ્યને તથા સમગ્ર અમરેલી જિલ્લાને નશા-મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ છે. આજરોજ શાળા/કોલેજો/જાહેર સ્થળોએ તથા આમ જનતા જોઇ શકે તે રીતે તથા નાર્કોટીક્સ પદાર્થોના સેવનથી સમાજમાં લોકોને આર્થીક તેમજ સામાજિક અને સ્વાથ્યને નુકશાન થાય જે અંગેની માહીતી આપવામાં આવેલ અને વિદ્યાર્થીઓને આવા વ્યસનોથી દુર રહેવા તથા આ વ્યસનોથી થતા નુકશાન અંગે સમજ કરવામાં આવેલ. તથા સમગ્ર જિલ્લામાં તથા ગ્રામ્ય કક્ષાએ આવેલ શાળા/ કોલેજોમાં વિદ્યાથિઓને પ્રોઝેકટર ઉપર પ્રેઝેન્ટેશન દર્શાવી વિદ્યાર્થીઓને વ્યસનથી વ્યકિત, સમાજ અને દેશને થતાં નુકસાન અંગે માહિતગાર કરી લોક જાગૃતિ કેળવવા પ્રયાશો કરી અવેરનેસ પ્રોગ્રામ યોજી ૨૬-મી જુન ઈન્ટરનેશનલ ડ્રગ્સ-ડે ની ઉજવણી કરવામાં આવેલ છે.

તેમજ કલેક્ટર કચેરી, SDM કચેરી, DDO કચેરી, જિલ્લા ન્યાયલય, બહુમાળી ભવનમાં આવેલ તમામ સરકારી દફતરો, તથા જિલ્લા જેલ, તથા સેવાકિય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ સંસ્થાઓ વિગેરે તમામ સરકારી અર્ધસરકારી દફતરોનાં અધિકારીશ્રી/કર્મચારીઓએ આ ઉજવણીમાં બહોળા પ્રમાણમાં ભાગ લીધેલ હતો.

આ ઉપરાંત સમગ્ર અમરેલી જિલ્લા પોલીસ તથા સીવીલીયન્સ સ્ટાફ દ્વારા સોશ્યલ મીડીયાનાં માધ્યમથી તમામ અધિકારી/કર્મચારીઓના પોતાનાં મોબાઇલમાં સ્ટેટસ તરીકે ફોટોગ્રાફ, વિડીયો કલીપ વિગેરે રાખેલ તેમજ  વોટ્સઅપ ગૃપમાં ફોટોગ્રાફ, વિડીયો ક્લીપ ફોરવર્ડ કરી બહોળા પ્રમાણમાં પ્રસિધ્ધી કરવામા આવેલ છે તેમજ વ્યક્તિગત પોતાના વોટ્સએપ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, ટ્વિટર, ટેલીગ્રામ વિગેરે સોશીયલ મિડીયાના માધ્યમ દ્વારા પોતાના સમાજ, કુટુંબ,પરિવારના ગ્રુપમાં પણ ફોટોગ્રાફ શેર કરી જાગૃતિ લાવવાનો પ્રયાસ કરાવવામાં આવેલ છે. તેમજ થાણા અધિશ્રીઓ દ્વારા પોત-પોતાના વિસ્તારોમાં

આવેલ ગામડાઓના સરપંચ શ્રીઓનો સંપર્ક કરી સોશિયલ મિડીયાના માધ્યમથી સોશિયલ ગ્રુપમાં ફોટાઓ, વિડિયો, વોઇસ ક્લીપ દ્વારા જાગૃતિ લાવવા પ્રયાસો કરવામાં આવેલ છે.

નશીલા પદાર્થ એટલે બરબાદી તેનાથી દુર રહો.

નશીલા પદાર્થ જીવલેણ છે. તેનાથી દુર રહો.

નશીલા પદાર્થ માત્ર બરબાદી તરફ લઇ જશે.

નશીલા પદાર્થ સામે મજબુર નહિ મજબુત બનો.

દર વર્ષે સેકડો યુવાનો મિત્રોના પ્રભાવમાં આવી નશીલા પદાર્થની લતને આધિન થાય છે. ભારતમાં દરરોજ લગભગ ૧૦ લોકો નશાના લીધે આપઘાત કરે છે.

(નશીલા પદાર્થનુ સેવન કે વેચાણ ગંભીર ગુનો છે.)